

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચૂંટણીમાં આડે આવતી ખીલીઓ પતાવાય છે,*
*અને જૂનાં આપસનાં વેરઝેર ખતાવાય છે.*
*બતાવાય છે વિશ્વાસ જૂની દુશ્મનાવટ દાટી -*
*બધા ધર્મોનાં મંદિર - ભગવાનો વટાવાય છે.*

### હાઈકુ

*જીવો જીવન*
*એપ' - લપ વિનાનું*
*ખૂલ્લી કિતાબ...*

*કહી દે બધું,*
*કરે માહિતી લીક -*
*રહેશે તમારો...*

### ચિંતન

**હેતુતઃ શત્રુ મિત્રે ભવિષ્યતઃ**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્ર માંથી લેવામાં આવેલ છે.

શત્રુ-મિત્ર અકારણે નહિ, પણ કોઈ કારણવશાત્ બને છે.

કોઈ દેશ સાથે મિત્રતા કે શત્રુતા કોઈ કારણવશાત્ જ બંધાય છે. કોઈ દેશ જયારે અચાનક મિત્રતાનો હાથ લંબાવે ત્યારે સમજવું જોઈએ કે એની પાછળ ચોક્કસ કોઈ કારણ હશે.

માનવી જયારે પોતાના સ્વાર્થનો વિચાર કરે છે ત્યારે તેના વર્તનમાં છળ-કપટ અને દગાના ગંદા વિચાર આવે છે.

પોતાના સ્વાર્ગ માટે મિત્ર બનાવે છે અને સ્વાર્થ સરતો નથી ત્યારે દુશ્મન બને છે. જો વિવેકપૂર્ણ તાટસ્થ્ય રાખવામાં આવે તો નિર્લેપપણું આવે ત્યારે ન શત્રુ થાય ન કોઈ મિત્ર હોય.

### સુવિચાર

- હીન કર્મથી દુભાય અને દુઃખી થાય તે હિંદુ,
  જે પોતે હીન કર્મ કરે નહીં, કોઈને હીન કરવા પ્રેરે નહી. પણ એને રોકે તે હિંદુ - **શ્રી રંગ અવધૂત**
- સદાચરણનું સુખ એ જ ખરું સુખ છે,
  બાકી જે વાવવાથી દુઃખ ઊગે તેને સુખ કેમ કહેવાય? - **તિરુવલ્લુવર**
- જરૂરની કેટલીક ચીજો વગરના હોવું એ સુખનું અનિવાર્ય અંગ છે - **બટ્રાન્ડ રસેલ**
- પોતાના કાર્યો કરતાં પોતાની વાણી આગળ વધી ન જાય એની જે કાળજી
  રાખે તેને સાચો સાધુજન સમજવો - **કન્ફ્યુશિયસ**
- સ્વપ્નું કદી આવે જ નહીં તો જીવનનું અસહ્ય બની જાય - **સંત રોબિન**
- એ જ છે સાચો ઝવેરી, સારહિન સંસારમાં,
  કાચ અને હીરાંમાં જેને ફેર દેખાતો નથી - **'શૂન્ય' પાલનપુરી**
- આજનું ઔષધ : અરડુસાના પાનનો બાફ લેવાથી લોહી જામેલું છૂટું પડે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સુભાષચંદ્ર બોઝ જયારે શાળામાં ભણતાં હતા ત્યારે બધા જ વિષયમાં ખૂબ હોંશિયાર હતા. પણ માતૃભાષા બંગાળીમાં નબળા હતા. બીજા વિષયોની સરખામણીમાં બંગાળી ભાષામાં એમના ગુણ ઓછા રહેતા.

એકવાર બંગાળી ભાષાના શિક્ષકે સૌને એક નિબંધ લખવા કહ્યું, સૌએ નિબંધ લખ્યો પણ સુભાષચંદ્રના નિબંધમાં સૌથી વધુ ભૂલો નીકળી. સૌ સહપાઠીઓએ એમની મજાક ઉડાવી. કોઈએ એવો ટોણો પણ માર્યો કે આમ તો તું મોટી દેશભક્તિની વાતો કરે છે. પણ માતૃભાષા ઉપર જ તારી પકડ નથી.

સુભાષચંદ્રને આવી વાત ખૂબ ખરાબ લાગી. એમણે નિશ્ચય કર્યો કે હવે બંગાળી શીખીને વર્ગમાં સૌથી વધુ માર્ક લાવીને બતાવીશ. બંગાળી ભાષાનો ધ્યાનપૂર્વક અભ્યાસ અને સતત મહાવરો રાખી વાર્ષિક પરીક્ષા આપી. વર્ગના બીજા વિદ્યાર્થીએ સુભાષચંદ્રને કહ્યું, 'ભલે બીજા બધા વિષયોમાં તમે - સારા ગુણાંક મેળવશો પણ માતૃભાષા બંગાળીમાં તમે બહુ ઉકાળી નહીં શકો.

પરિણઆમો જાહેર થયા તેમાં સૌને આશ્ચર્ય થયું કે સુભાષચંદ્ર ને બંગાળી ભાષાના વિષયમાં વર્ગમાં સૌથી વધુ ગુમ મળ્યા હતા.' બંગાળી ભાષાના અધ્યાપકે પણ સુભાષચંદ્રને દિલથી અભિનંદન તથા આશીર્વાદ આપ્યા.

# વિદ્યાર્થી આંદોલન : અગમનાં એંધાણ

**તંત્રીસ્થાનેથી...**

પરીક્ષાની મોસમમાં વિદ્યાર્થી આંદોલન શરૂ થઈ જાય તે ઘણી અપશુકનિયાળ બાબત ગણાય. સ્ટાફ સિલેકશન કમિશનની પરીક્ષા નવલોહિયા વિદ્યાર્થી સમુદાયના ભવિષ્ય સાથે જોડાયેલી હોઈ એમાં થયેલી કહેવાતી ગેરરીતિ સામે સામૂહિક આક્રોશ ફાટી નીકળો તે સ્વાભાવિક છે. આ માટે સંસદ માર્ગ પર યોજાયેલ વિરોધ પ્રદર્શન દરમિયાન પ્રસ્થાપિત નિયમોનું ઉલ્લંઘન થતાં પોલીસ દ્વારા ક્રૂરતાપૂર્વક લાઠીચાર્જ કરાયો અને કેટલાક પ્રદર્શનકારીઓનાં માથાં ફૂટ્યાં. પોલીસે આવું પગલું પોલીસને એની ફરજ બજાવવામાં અડચણ ઊભી કરવાના કારણે લેવું પડ્યું હોવાનો ખુલાસો આપ્યો છે. પરંતુ કોઈ પણ આંદોલન જયારે વિશેષપણે એમાં યુવાવર્ગ સામેલ હોય અને સ્વયંભૂ હોય ત્યારે પ્રસ્થાપિત નીતિ નિયમો મુજબ ચાલે એવી અપેક્ષા વધારે પડતી જ ગણાય. પોતાના ભાવિ સાથે ચેડાં થતાં જોઈ ઉગ્ર બનેલા વિદ્યાર્થીઓ પાસે તો કમ કે કમ શાંત આંદોલનની આશા ન જ રાખી શકાય. રોજગારી આપવાના સરકારના આશ્વાસન પ્રત્યે પણ હવે યુવા વર્ગને વિશ્વાસ નથી રહ્યો. વળી આવી નોકરીઓ માટે એક નિશ્ચિત વયમર્યાદા વટાવી દીધા પછી કોઈ તક જ રહેતી ન હોઈ આ વયજૂથના પરીક્ષાર્થીઓમાં આવેગ અને ઉશ્કેરાટનું પ્રણાણ વધુ રહે તે પણ સમજી શકાય એમ છે. વિદ્યાર્થી આંદોલનએ અગાઉ ઘણાં વિપરીત રાજકીય પરિણામો સર્જ્યા છે. ગુજરાતને અલગ રાજયનો દરજ્જો અપાવવા માટેનું મહાગુજરાત આંદોલન અને એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓનું ફૂડ બિલ આંદોલન એનાં તરત જ સ્મરણે ચડે એવા ઉદાહરણો છે. મહાગુજરાત આંદોલનમાં વિદ્યાર્થીઓ પર ગોળીબાર થયો હતો અને સરકારને ઝૂકવું પડ્યું હતું. એ રીતે એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજનું આંદોલન આગળ વધીને ચીમનભાઈ પટેલની સરકાર વિરુદ્ધ નવનિર્માણ આંદોલનમાં ફેરવાયું હતું. વિદ્યાર્થીઓની આ વિધાયક તાકાતથી વર્તમાન કેન્દ્ર સરકાર સુપેરે પરિચિત છે. બલકે હાલની કેન્દ્ર સરકારના સર્વોચ્ચ નેતા અને શાસક પક્ષના અધ્યક્ષ ગુજરાતનાં વિદ્યાર્થી આંદોલનોમાં સક્રિય ભાગ લઈ ચૂક્યા છે. ચીમનભાઈ પટેલની સરકાર સામે સરૂ થયેલ વિદ્યાર્થી આંદોલનમાં પ્રેરણા લઈ જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ કટોકટી સામેનું જન આંદોલન શરૂ થયું હતું જેમાંથી લાલુપ્રસાદ યાદવ અને નીતિશકુમાર અને શરદ યાદવ જેવા નેતાઓ સાંપડ્યા હતા. વિદ્યાર્થીઓ જયારે સરકાર સામે મેદાનમાં આવી જાય છે ત્યારે તેમને અટકાવવાનું ઘણું મુશ્કેલ બની જતું હોય છે. માધવસિંહ સોલંકીની ૧૪૯ ધારાસભ્યોનું સમર્થન ધરાવતી સરકાર વિરુદ્ધ શરૂ થયેલ અનામત આંદોલન એમના રાજીનામામાં પરિણમ્યું હતું. બલકે ગુજરાતમાં બિનકોંગ્રેસી સરકારોને સત્તારૂઢ કરાવાનું શ્રેય પણ આવા વિદ્યાર્થીઓ આંદોલનોને જ જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વધુમાં વધુ સહયોગ આ નવલોહિયા મતદાર સમુદાય તરફથી મળતો રહ્યો છે. દિલ્હીમાં કેજરીવાલને પણ આવા યુવાવર્ગના સહકારથી જ સત્તા સાંપડી હતી અને ભવિષ્યમાં રાહુલ ગાંધી પણ સત્તા સ્થાન સુધી પહોંચશે તો એ વિદ્યાર્થીઓના ખભે બેસીને જ પહોંચી શકશે. રામનવમી ઈદ અને હનુમાન જયંતી જેવા તહેવારોમાં હિંસા થતી હોય અને એમાં ભોગ લેવાતો હોય તો પણ નવલોહિયા વિદ્યાર્થીઓનો જ લેવાતો રહ્યો છે. આખરે યુવાન શહિદોનું લોહી રંગ લાવ્યા વિના, પરચો બતાવ્યા વગર રહેતું નથી તે હકીકત સ્વીકારવી જ રહી.

# ગોલ્ડ સેવિંગ સ્કીમ ઉપર પ્રતિબંધ

## ઈન્કમટેક્ષ એકટની કલમ ૨૬૯(એસએસ) તથા ૨૬૯(ટી) મુજબ ૧૦૦ ગુન્હાપાત્ર યોજના ગણેલ છે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

અનિયંત્રીત ડિપોઝીટ સ્કીમ પ્રતિબંધ બીલ ૨૦૧૮ કેબીનેટ દ્વારા મંજુર થયા બાદ માસીક ગોલ્ડ યોજના ઘણાબધા જવેલર્સે બંધ કરેલ છે. ૧૧ માસના હપ્તાથી સોનું ખરીદવાની યોજનામાં ૧ માસના નાણા જવેલર્સ દ્વારા ભરવામાં આવતા હતા આ રીતે એડવાન્સ ગ્રાહકો બાંધી સ્કીમ સોનીઓ દ્વારા ચલાવવામાં આવતી હતી જે ઈન્કમટેક્ષ એકટની કલમ ૨૬૯(એસએસ) અને ૨૬૯(ટી) નો સ્પષ્ટ ભંગ સમાન ગણી કેન્દ્રીય કેબીનેટે આ યોજના ઉપર પ્રતિબંધ મુકતુ બીલ પસાર કરતા જવેલર્સે નવા સભ્ય કરવાના બંધ કરેલ છે તથા ઈન્ડીયા બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશને સોનીઓને રાહ જોવાનું કહ્યું છે. બીલ કાયદો બને તે અગાઉ જરૂરી પગલા ભરવામાં આવશે. સોનાને થાપણ તરીકેની સ્વીકૃતિ તથા તેની પરત ચુકવણીએ ઈન્કમટેક્ષ એકટની કલમ ૨૬૯(એસએસ) અને ૨૬૯(ટી) ની જોગવાઈના સ્પષ્ટ ભંગ સમાન છે. જેનો છડેચોક સોનીઓ દ્વારા ભંગ કરી મોટી મોટી જાહેરાતો આપી ગ્રાહકોને આકર્ષવામાં આવતા જો યોજના ચાલુ હશે તો ૧૦૦ ટકા દંડની જોગવાઈ છે. અનરેગ્યુલેટેડ ડિપોઝીટસની રકમ પરત ચુકવવા અંગે સોનીઓમાં અવઢવ છે. ઓલ ઈન્ડીયા જેમ્સ એન્ડ જવેલર્સ એસોસીએશન તથા જીજેકેના ચેરમેન આ અંગે કેન્દ્રીય ટીમ સાથે ચર્ચા વિચારણા કરી નાણા મંત્રીનું ધ્યાન દોરેલ છે તથા યોજના બંધ કરવા માટે ગ્રાહકોની ડિપોઝીટ રૂપી સોનુ કે રકમ પરત કરવા સમયની માંગ કરેલ છે.

નવા બીલમાં ગોલ્ડ સેવીંગ સ્કીમ મુજબ ટ્રીટ કરી ઈન્કમટેક્ષ એકટની જોગવાઈનું પાલન કરી ત્યારબાદ નવી યોજનામાં સભ્યો નોંધવામાં આવશે ત્યાં સુધી એસોસીએશન દ્વારા નવા સભ્યો નોંધવા ઉપર અંકુશ મુકેલ છે. નવા બીલમાં કોઈપણ પ્રકારની અનરેગ્યુલેટેડ યોજનામાં થાપણો સ્વીકારવા, જાહેરાત કરવા તેને પ્રમોટ કરવા તથા યોજનાના અમલ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. હક્કિતમાં અનરેગ્યુલેટેડ થાપણો ઉપર પ્રતિબંધ મુકવા આખુ બીલ મંજુર કરવામાં આવ્યું છે.

આ બીલ મુજબ પ્રતિબંધનો ભંગ કરનાર સામે ત્રણ પ્રકારના ગુન્હાનો ચાર્જ લગાડવામાં આવશે જેને રનીંગ ઓફ અનરેગ્યુલેટેડ ડિપોઝીટ, ફોડયુલન્ટ ડિફોલ્ટ ઈન રેગ્યુલેટેડ ડિપોઝીટ સ્કીમ અને અનિયંત્રીત ડિપોઝીટ સ્કીમ રોગફલ ઈન્સ્ટ્રુમેન્ટ નામ આપવામાં આવ્યું છે

સરળ ભાષામાં સમજવામાં આવે તો આ બીલ પ્રોપ્રાઈટરી જવેલરી કંપનીઓને ગોલ્ડ સેવીંગ સ્કીમ સ્વીકારવા ઉપર ચોખ્ખો પ્રતિબંધ મુકેલ છે.

સોનીઓ દ્વારા ૧૧ મહિનાની ગોલ્ડ સેવીંગ સ્કીમ ત્રણ ત્રણ વર્ષ સુધી લંબાવવામાં આવતી કસ્ટમરની આખી ચેઈન બનાવી ઈન્કમટેક્ષ એકટનો ભંગ કરી નાણાનો નફો તથા સોનાનો મુનાફો કરી મનીલોન્ડરીંગ સ્કીમની જેમ આખી યોજના ચલાવવામાં આવે છે. લોભામણી જાહેરાતો દ્વારા ૧૧ મહિના જ હપ્તા ગ્રાહકોને ભરવા ત્યારબાદનો ૧ હપ્તો સોનીઓ દ્વારા ભરવામાં આવશે ૧ હપ્તાના નાણા તેઓ કયા ખર્ચમાં ઉધારશે, કયા નફામાં ઉમેરી ઈન્કમટેક્ષ રીર્ટનમાં ખર્ચમાં કે નફામાં બતાવશે તે નિશ્ચિત થતું ના હોય ગોલ્ડ સેવીંગ સ્કીમ ના નામે થતો નફાખોરી બંધ કરવા તથા ગ્રાહકો ના છેતરાય તે માટે પણ આ યોજના ઉપર પ્રતિબંધ તથા બીલની મંજુરીથી મુકવામાં આવ્યો છે જેનો સમગ્ર જવેલર્સ એન્ડ જેમ્સે વિરોધ જાહેર કરેલ છે આ યોજના બંધ થવાથી મધ્યમ વર્ગને એક સામટી રકમ સોના માટે ચુકવવી પડશે જે તેમને પરવડે તેમ નથી તેથી સોનાની ખરીદીમાં ઘટાડો નોંધાતા સોના બજારમાં મંદિ આવવાની સંભાવના રહેલ છે.

હાલમાં ડિપોઝીટ સ્કીમો ઉપર પ્રતિબંધ મુક્ત બીલ જાહેર થાય તે પહેલા સોનીઓ દ્વારા સ્વીકારવામાં આવતી રકમો અનરેગ્યુલેટેડ ડિપોઝીટ તરીકે પરત ચુકવવાની થશે નવા બીલ મુજબ ગોલ્ડ સેવીંગ સ્કીમને ટ્રીટ કરવામાં આવશે અને ખરીદ તથા ડિપોઝીટ અંગે ઈન્કમટેક્ષ ભરવો ફરજીયાત બનશે.

આ બીલના નિયમનો ભંગ કરનારને ત્રણ પ્રકારના ગુન્હાની સજામંથી પસાર થવું

**અનુસંધાન પાના નં. ૭ પર**

# સંવેદનશીલ સમાજના નિર્માણ માટે ઉત્તમ વાચકો જરૂરી



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

***સર્જન કોઈને માટે થતું નથી;***
***કોઈને ઉપયોગી અવશ્ય થાય છે, પણ***
***સર્જનનાં ફૂલો તો ચડે અંત દેવતાને.***
***- મનુભાઈ પંચોળી 'દર્શક'***

આજના આ પરિવર્તનશીલ યુગમાં વાંચનનો પ્રકાર, વાચકો અને લેખકો આ ત્રણેયમાં પણ ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. આજનું લેખન પણ મરી-મસાલાથી ભરપૂર અને ચટાકેદાર વાનગીના સ્વરુપે વાચકને પીરસવામાં આવે છે. વાચકને પણ આ જ પ્રકારનું વાચન કરવું ગમે છે. આપણે જોયું અને અનુભવ્યું છે કે આજ-કાળ કોઈ પણ બાબત કે વિષયના મૂળ એટલે કે તળિયા સુધી પહોંચવાનો કોઈ પાસે સમય જ નથી. બધું જ ઉપરછલ્લુ અને છીંછરું બની રહ્યું છે. ગમતા લેખકની એકાદ - બે કૃતિ વાંચવા માત્રથી જ વાચક તેને જાણતા હોવાનો દાવો કરવા લાગે છે. જેમ લેખક વિષે તમામ જાણકારી હોવી જરૂરી છે તે જ રીતે વાચનરસ કેવી રીતે કેળવવો તે શ્રી ઝવેરચંદ મેઘાણી ખૂબ સરસ રીતે સમજાવે છે :

"એક મિત્રનો કાગળ છે : 'હંમેશા રોજ યાદ આવે છો. પુસ્તકાલય વસાવવું છે. શોખ કેળવવો છે. પુસ્તકોની યાદી માંગું છું.''

આ મિત્ર હું સૂચવું તે વાંચશે ? અભ્યાસનિષ્ઠ બનશે? વાર્તાપુસ્તકથી વાચનરસ કેળવી શકાશે નહીં. રસેન્દ્રિયને તેજસ્વી તેમ જ તંદુરસ્ત બનાવ્યા વગર લેવાતો વાર્તારસ જ્ઞાનની હોજરીને બગાડે છે. થોડા કષ્ટદાયક વાચનથી હોજરીની સાફસૂફી થવી જોઈએ. પહેલાં વિવેચન વાંચો, કંટાળો લાવ્યા વગર ફરી ફરી વાંચો, રસને અંતરમાં સ્થિર કરો અને કવિતા પ્રત્યેની સૂગને કોરે મૂકી થોડાં થોડાં કાવ્યોનું સતત પરિશીલન કરો. રસેન્દ્રિયમાં અમી રસ પેદા થશે.

લાગણીતંત્રને ઝણઝણાવી મૂકનાર પુસ્તક પહેલે દરજ્જે ત્યાજ્ય ગણજો. ઊર્મિ સંવેદનાનો સ્થિર દીપક દિલમાં બળ્યા કરે, જયોત ભડક ભડક ન થાય તે સ્થિતિ સાચા વાચન રસની છે.

લલિત - સાહિત્યના મધપૂડામાં મધુના ઉત્પાદન અર્થે આપણા જ્ઞાન કોશોની અંદર લલિતેતર જ્ઞાનસામગ્રી ભર્યા વગર છૂટકો નથી. પક્ષીઓ અને પશુઓની દુનિયા, જયોર્તિમય ગગન, ઈતિહાસ-સૃષ્ટિ વગેરે અંતરને અજવાળનારા તત્ત્વોનું અજ્ઞાન રસસાહિત્યમાં રમવાની આપણી શક્તિને હણી નાખે છે. વીનવું છું કે પ્રાણીઓની, ગ્રહોની, ભૂગોળનો ઈતિહાસની ભવ્ય દુનિયામાં ઊતરો; પછી જોજો, તમને વાર્તા વાંચવી ગમશેય નહીં, વાંચવાની જરૂર પણ નહીં રહે. 'અપંગની પ્રતિભા' વાંચો, કીડી અને ઊધઈ વિષેનાં મેટરલિકનાં પુસ્તકો વાંચો. એ એવો એક નિરોગી મુગ્ધભાવ આપશે કે તમને જીવનમીઠું લાગશે.'

વાર્તાઓ, નવલકથાઓ અને નાટકો વાંચવાનો બાધ ચોક્સ નથી પરંતુ એ જ ખરું સાહિત્ય છે અને એને વાંચવા માત્રથી જ સારા વાચક બની શકયા તેમ માનવું ચોક્કસપણે ભૂલભરેલું છે. આજના સમયમાં લેખક પણ વાચકની માંગને અનુસરીને ટી.વી. સિરિયલ જેવું રોમાંચક લખાણ પીરસે છે. અને આ પ્રકારનું લખાણ લેખક કે વાચક બંનેના દષ્ટિકોણ અથવા અંતરઆત્માને તસુભર પણ વધુ ઉન્નત કરવા માટે સમર્થ હોતા નથી. વાંચન એ પ્રકારનું હોવું જોઈએ જે આપણને મુઠ્ઠી ઉંચેરો માનવી બનાવે, આપણી સંવેદનાની ધાર વધુ તીવ્ર કરે અને એક વ્યક્તિ તરીકે આપણને વધુ સહિષ્ણુ બનાવે. પણ એવું વાચન કરનાર અને એનું ઉમદા લખનાર આખેઆખો વર્ગ અત્યારે જાણે ગાયબ થઈ ગયો હોય તેવું લાગે છે. 'શૂન્ય પાલનપુરી' લખે છે :

***'જાઓ, દુનિયાની ખબર તો લો કે એને શું થયું ?***
***- કેમ તાજો ઘાવ દિલ પર આજે દેખાતો નથી.'***

એક લેખક જયારે કંઈક લખે છે ત્યારે લખાણ માત્ર તેના ટેબલ પર પૂર્ણ થતું નથી. એ લખાણ વાંચકોના હાથમાં આવે ત્યારે પણ તેની સફર ચાલુ જ રહે છે. આ સફર ત્યારે જ પૂર્ણ થાય જયારે વાચક તેને પૂર્ણપણે વાંચી અને સમજી લે છે. અને માટે જ વાચકોની ભૂમિકા પણ કંઈ નાનીસૂની ન ગણાય. જે ભાષાનો વાચક બહેરો થઈ જાય એટલે કે લેખકને ગ્રહણ કરવાનું બંધ કરતો બની જાય ત્યારે તે ભાષાનો લેખક ધીમે - ધીમે મૂંગો થતો જાય. લેખકની ફરજ છે કે તે વાચકને તેના પોતાના અંતરઆત્માને 'ઢંઢોળવા મજબૂર કરી દે. જે રીતે ફિલ્મ જોવાથી મનોરંજન મળે છે તે જ રીતે અમુક પુસ્તક વાંચીને ક્ષણિક આનંદ પ્રાપ્ત થઈ શકે છે. પણ અમુક ફિલ્મો જોયા બાદ તમને પોતાની જાતમાં એક નવા સૂર્યોદયનું ધીમું-ધીમું પણ દિવ્ય અને અલૌકિક અજવાળું અનુભવાય ત્યારે જ લેખકનું લેખન સાર્થક થયું ગણાય.' શ્રી અમૃત 'ઘાયલ' લખે છે તેમ,

***"આ મારી પાસે શસ્ત્ર છે જે શબ્દ નામનું...***
***છે શબ્દ ચક્ર કૃષ્ણનું ને બાણ રામનું..."***

નાનપણથી જ બાળકને બાળવાર્તાઓ વાંચવા આપણે પ્રોત્સાહિત કરવા હોઈ છીએ પરંતુ, ત્યારબાદ યુવાવસ્થા દરમિયાન તેણે કેવા પ્રકારનું વાંચન કરવું તેની ખાસ તકેદારી રખાતી નથી અને પરિણામે, ધીરે ધીરે વાચન પ્રત્યેનો તેનો રસ ઓછો થતો જાય છે. એક વધુ સારા અને સંવેદનશીલ સમાજનું સર્જન કરવા માટે આપણે વાચક તેમ જ લેખક બંનેનું બૌદ્ધિક સ્તર વધુ સારું બનાવવું પડશે, ધાર્મિક, વાંચન તેમ જ વાર્તા, નવલકથા પ્રકારના વાચનથી આગળ વધી ઉત્તમ પ્રકારનું સાહિત્ય વાંચી, જાણી તેમજ માણી શકે તેવો આખો વર્ગ વિકસાવવાની સમાજને આજે તાતી જરૂર ઊભી થઈ છે.

**Last Seen :**

***"આ મારી શાયરી એ સંજીવની છે, 'ઘાયલ';***
***શાયર છું, પાળિયાને બેઠા કરી શકું છું!" - અમૃત 'ઘાયલ'***

- nehalgadhavi101@gmail.com

# સાંસદો અને ધારાસભ્યો દલા તરવાડીનો ન્યાય તોળે છે



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ગુજરાત વિધાનસભાના ધારાસભ્યોને સેવા સાટે મેવાની જોગવાઈમાં વધારો કરવા માટેનું વિધેયક સર્વાનુમતે મંજૂર કરાવીને સરકારી અધિકારીઓની તુલનામાં મોટાં પે-પેકેજ માન્ય કરવાની તૈયારી ચાલી રહી છે. ધારાસભ્ય થવા માટે શૈક્ષણિક લાયકાતની કોઈ જરૂર નથી. અભણ કે અંગૂઠા છાપ વ્યક્તિને પણ રાજકીય પક્ષ ટિકિટ આપે કે અપક્ષ ચૂંટણી લડે અને એ વિધાનસભાની ચૂંટણી જીતી જાય તો એને કોઈ આઈએએસ કે આઈપીએસ સમકક્ષ પગાર મળે. પોતાના મતવિસ્તારના વિકાસ માટે દર વર્ષે દોઢ કરોડ રૂપિયાનો નિધિ એને ફાળવાય અને અબજોનાં બજેટ મંજૂર કરવાની સત્તા મળે. પાડોશી દેશ પાકિસ્તાનમાં ધારાસભ્ય કે સાંસદ થવા માટે ઓછામાં ઓછું સ્નાતક (ગ્રેજયુએટ) હોવું

- જનસેવા કરવા માટે પણ પગાર-ભથ્થાં લેવાની પરંપરા ગાંધીજી - સરદાર પટેલનું નામ લેનારાઓને પસંદ
- **નેહરુ-સરદારનો પગાર મહિને ૩૦૦૦ હતો; ૩૫૦નો સ્વૈચ્છિકકાપ સ્વીકારતા, મોદી ૧.૬ લાખનો પગાર લે છે**
- ગુજરાતના ધારાસભ્યોને લગભગ મહિને ૬૮ હજાર રૂપિયાનો પગાર તથા ભથ્થાં મળે છે,સવા લાખ ખપે છે
- **અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ વર્ષે ૪ લાખ ડોલરનો પગાર લઇ શકે પણ લે છે માત્ર એક ડોલર માનધન**

અનિવાર્ય છે, પણ ભારતમાં આવો નિયમ નથી. ગુનાખોરીના બેસુમાર ખટલા ચાલતા હોય છતાં ધારાસભ્ય અને સાંસદ જ નહીં, પ્રધાનમંડળના સભ્ય થઈ શકે છે.ભારતીય સંસદમાં બેસતા મોટાભાગના સભ્યો કરોડપતિ હોવા છતાં પગાર અને ભથ્થાં પેટે પ્રજાના પરસેવાના સેંકડો કરોડ રૂપિયા મેળવીને ય પ્રજાની સેવા કરવાની તેઓ મહેરબાની કરે છે !

અત્યારે ગુજરાત વિધાનસભા વિવિધ કારણોસર ચર્ચામાં છે. મારામારીનાં દશ્યો, ગાળાગાળી, વિધાનસભ્યોના ત્રણ-ત્રણ વર્ષ માટે સસ્પેન્શન તથા વિધાનસભાના અધ્યક્ષ વિરુદ્ધ વિપક્ષ તરફથી અવિશ્વાસની દરખાસ્ત સહિતના મુદ્દા બજેટ સત્રમાં ખૂબ ગાજતા રહ્યા. વિધાનસભામાં ઠરેલ અને પરિપક્વ રાજનેતાઓ સાથે બેસીને સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ટકરાવને ઠારવાનું કામ કરવાને બદલે હવેનો માહોલ જરા અશોભનીય બનવા માંડ્યો છે. બે હાથે જ તાળી પડે એવા સંજોગોમાં ગૃહની ગરિમા અને સંસદીય લોકશાહી લજવાય એવા સંજોગો અને દશ્યો સતત જોવા મળે છે.જોકે ગૃહના સત્રના છેલ્લા દિવસ પહેલાં ઘીના ઠામમાં ઘી પડ્યું રહ્યું અને રાજયની પ્રજા મૂરખ બની હોવાનો અનુભવ થયો.વિપક્ષ અને સત્તા પક્ષ હોહા અને હાકલાદેકારા કરીને પ્રજાને માટે પોતે કંઈક કર્યું હોવાનો દેખાડો જરૂર કરે છે.

આ બધામાં અપવાદરૂપ કહી શકાય એવી સર્વાનુમતિ દર વખત પગાર અને ભથ્થાંમાં વધારો કરવાની દરખાસ્ત સાથેના વિધેયક સુધારાને મંજૂરી આપવામાં જોવા મળે છે. અત્યારે ધારાસભ્યોને મહિને લગભગ ૬૮ હજાર રૂપિયાનો પગાર તથા ભથ્થાં મળે છે. સેવાકાર્ય માટે અધિકારી સમકક્ષ પગાર અને ભથ્થાં માંગવામાં ધારાસભ્યોને શરમ કે સંકોચ નથી અનુભવાતી એ ગાંધીજી અને સરદારના ગુજરાતની વિશેષતા છે. અગાઉ બે ધારાસભ્યો પગાર કે ભથ્થાં લેતા નહોતા. આ વખતે એ બંને ગૃહમાં નથી. જૂનાગઢના ભાજપી ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ અને સિદ્ધપુરના કોંગ્રેસી (હવે ભાજપી વાઘા ચડાવનારા) ધારાસભ્ય રહેલા બળવંતસિંહ રાજપૂત પગાર અને ભથ્થાં લેતા નહોતા. એમાં વધારાની દરખાસ્તનો ય મશરૂ તો વિરોધ પણ કરતા હતા.

બળવંતસિંહ તો અબજોપતિ છે અને ભારતીય લશ્કરને ખાદ્યતેલ પૂરું પાડવાનો મસમોટો કરાર એમને મળતો રહ્યો છે. જૂનાગઢના મશરૂ જિલ્લા પંચાયતના કર્મચારી તરીકે પગાર લેતા રહ્યા હોવાથી ધારાસભ્ય તરીકેનો પગાર નહોતા લેતા, પણ અન્ય ધારાસભ્યોની સાહ્યબીથી વિપરીત એ બસમાં મુસાફરી કરતા હતા. લોકસભામાં પણ સાંસદોના પગાર અને ભથ્થાંમાં વધારાની દરખાસ્તો સર્વાનુમતે મંજૂર થાય છે એટલું જ નહીં, નિવૃત્ત સાંસદોને પેન્શન પણ મળે છે.સમગ્ર દેશમાં ધારાસભ્યોને નિવૃત્ત થયા પછી પેન્શન મળે છે, પણ ગુજરાતમાં કેશુભાઈ પટેલની ભાજપી સરકાર વખતે એ માટેની દરખાસ્ત આવી ત્યારે સર્વોદયી આગેવાન ચુનીભાઈ વૈદ્ય અને બીજા ઉપવાસ ઉપર બેઠા એટલે એ બાબત લટકી ગઈ. જોકે, કાલ ઊઠીને એ નહીં આવે એવું નથી..

હમણાં ભારતમાં ત્રીજા મોરચાની રચના માટે મેદાને પડેલા નવરચિત તેલંગણ રાજયના મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવે તો ૨૦૧૪માં રાજય સરકારનાં સૂત્રો સંભાળતાની સાથે જ ધારાસભ્યોને ન્યાલ કરી દેવા મહિને અઢી લાખ રૂપિયાનો પગાર અને ભથ્થાં ચુકવવાનું નક્કી કરાવી લીધું હતું. એવું જ કાંઈક દિલ્હીના આમ આદમી મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે પણ કર્યું અને મહિને ૨.૧૦ લાખ રૂપિયાનો પગાર ધારાસભ્યો માટે કરાવી દીધો. જનસેવા કરવા માટે પણ પગાર અને ભથ્થાં લેવાની પરંપરા ગાંધીજી અને સરદાર પટેલનું નામ લેનારા રાજનેતાઓ પસંદ કરે છે. ભારતમાં ૨૦૧૧ સુધી સૌથી ઓછો પગાર અને ભથ્થાં લેવાતાં હોય એવા ધારાસભ્યો ઓડિશામાં હતા.ઓડિશામાં મહિને ૨૧૯૫૦ રૂપિયાનો પગાર અને ભથ્થાં હતાં,પણ સપ્ટેમ્બર ૨૦૧૭માં એમનો પગાર અને ભથ્થાં વધીને ૧ લાખ રૂપિયાના આંકડાને આંબી ગયાં છે.અન્ય રાજયોમાં ૪૦ હજાર રૂપિયાથી લઈને ૧.૮૭ લાખ રૂપિયાનો પગાર અને ભથ્થાં ઉપરાંત તબીબી સેવા તથા પ્રવાસ માટેની સુવિધાઓ તો છોગામાં. ગુજરાતમાં ધારાસભ્યોએ મહિને ૧.૨૫ લાખ રૂપિયા જેટલી પગાર અને ભથ્થાંની રકમ કરવાની દરખાસ્ત મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને આપી છે. દલા તરવાડીના ન્યાયે 'લઉં રીંગણાં બે ચાર' જેવો પ્રશ્ન પૂછીને 'લે ને દસ-બાર'નો ઉત્તર વાળવા માટે ધારાસભ્યો સજજ બેઠા છે. ઉપરાંત એમના વિસ્તારના વિકાસ માટે દર વર્ષે દોઢ કરોડ રૂ. જેટલી રકમ ફાળવાય છે. દેશના મુખ્ય મંત્રીઓના પગારમાંય તેલંગણનો વિક્રમ છે. તેમને મહિને ૪.૧૦ લાખ રૂપિયાનો પગાર મળે છે,જયારે ગુજરાતના મુખ્ય મંત્રીનો રૂપિયા ૩ લાખ ૨૧ હજાર છે.દિલ્હીના મુખ્ય મંત્રી મહિને રૂપિયા ૩.૯૦ લાખનો પગાર લઈ પ્રજાની સેવા કરે છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ૪ લાખ ડોલરનો પગાર લઈ શકે પણ તે માત્ર ૧ ડોલર પગાર લે છે છે. કેનેડાના વડા પ્રધાન ૧.૭૦ લાખ ડોલરનો વાર્ષિક પગાર લે છે.એની તુલનામાં તો ભારતીય વડા પ્રધાન માંડ ૨૦ થી ૨૨ લાખ રૂપિયાનો વર્ષે પગાર લેતા હોવાનો અંદાજ છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો પગાર મહિને રૂપિયા ૧.૬૫ લાખ વત્તા ભથ્થાં છે. રાષ્ટ્રપતિને મહિને રૂપિયા ૫ લાખ વત્તા ભથ્થાં, ઉપરાષ્ટ્રપતિને મહિને ૪ લાખ વત્તા ભથ્થાં, રાજ્યપાલોને ૩.૫ લાખ તથા મુખ્ય ન્યાયાધીશને ૨.૫ લાખ રૂપિયા વત્તા ભથ્થાં મળે છે. પ્રત્યેક સાંસદને મહિને દોઢ લાખ રૂપિયા કરતાં વધુ , પગાર મળે છે,પણ તેમની પાછળ ખર્ચાતી કુલ રકમ મહિને ૨.૭ લાખ રૂપિયા અંદાજાય છે. પ્રત્યેક સાંસદને દર વર્ષે પોતાના મતવિસ્તારના વિકાસ માટે પાંચ-પાંચ કરોડ રૂપિયા ફાળવાય છે. નિવૃત્ત સાંસદોને મહિને ૨૦ હજાર રૂપિયાનું પેન્શન મળે. જેટલી વધુ મુદત માટે એ સાંસદ રહ્યા હોય એ મુદત દીઠ પંદરસો રૂપિયા વધુ પેન્શન મળે.અત્યારે લોકસભા તથા રાજયસભાના સાંસદો પાછળ હજારો કરોડ રૂપિયાનો ખર્ચ કરનાર ભારત દેશના મહાન નેતાઓ મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને સરદાર પટેલનું નામ લેવામાં આવે છે, પણ એમની સાદગીને સાવ જ કોરાણે મૂકવામાં આવી છે. કરાંચીમાં કોંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે કોંગ્રેસની સરકારના પ્રધાનોએ ૫૦૦ રૂપિયા જેટલી રકમમાં મહિનો સુધી ચલાવવું એવી સાદગીનો આગ્રહ મહાત્મા ગાંધીનો હતો. જોકે, સરદાર આ રકમ થોડીક વધારવાના આગ્રહી હતા.

એ વેળા તો આઝાદીની ચળવળમાં સહભાગી મોટા ભાગના આગેવાનો બેરિસ્ટર હતા અને દેશને સમર્પિત હતા. સરદાર પટેલ જયારે ગૃહ પ્રધાન અને નાયબ વડા પ્રધાન હતા ત્યારે પ્રધાનો સહિતના ઉચ્ચ પગાર લેનારાઓ સ્વૈચ્છિક પગારકાપ સ્વીકારે એના આગ્રહી હતા. ભારત

**અનુસંધાન પાના નં. ૭ પર**